## બનાસકાંઠા લોકસભાની પેટાચૂંટણી માટે ભાજપ - કોંગ્રેસના ઉમેદવારો ઉમેદવારીપત્રો ભર્યા

પાલનપુર, તા. ૧૫

બનાસકાંઠાની ખાલી પડેલી લોકસભા બેઠક માટે ચૂંટણી પંચે જાહેર



કરેલ પેટાચૂંટણીમાં આજે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ભાજપે પોતાના ઉમેદવાર તરીકે પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરી અને કોંગ્રેસે પૂર્વ સાંસદ સ્વ. મુકેશદાન ગઢવીના ધર્મપત્ની ક્રિષ્નાબેન ગઢવીને ચૂંટણી મેદાને ઉતાર્યા છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના સાંસદ મુકેશદાન ગઢવીના અવસાન બાદ ખાલી પડેલી લોકસભા બેઠક માટે ચૂંટણીપંચે જાહેર કરેલી પેટાચૂંટણી માટે બન્ને પક્ષોએ કમરકસી લીધી છે. આજે ઉમેદવારીપત્રો ભરવાના અંતિમ દિવસે ભાજપે ભાજપના અગ્રણી અને પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરીને પુનઃ ટિકિટ ફાળવતાં તેઓએ કલેક્ટર કચેરીએ જઈ જી. જે. હિંગરાજીયા સમક્ષ



તેમનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. બાદમાં પાર્ટી અધ્યક્ષ આર. સી. ફળદુની અધ્યક્ષતામાં એક જાહેરસભા યોજાઈ હતી. જેમાં પ્રદેશ આગેવાનો અને કાર્યકરોને ચૂંટણી કામગીરીમાં લાગી જવા અનુરોધ કર્યો હતો. લોકસભાની પેટાચૂંટણી માટે કોંગ્રેસ પણ ઉમેદવારીપત્રો ભરવાના છેલ્લા દિવસે પૂર્વ સાંસદ સ્વ. મુકેશદાન ગઢવીના ધર્મપત્ની ક્રિષ્નાબેન ગઢવીને મેદાને ઉતાર્યા છે. ક્રિષ્નાબેને તેમના નિવાસસ્થાનેથી પક્ષના અગ્રણીઓ, કાર્યકરો અને કુટુંબીજનોની હાજરીમાં પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.

# ગુજરાતના ખેડૂતે દેશ-વિદેશમાં કૃષિક્ષેત્રે ક્રાંતિકારી કદમ માંડ્યા છે : રમણલાલ વોરા

## ઈડરના દિયોલી ખાતેથી જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવનો શુભારંભ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના દિયોલી ખાતેથી કૃષિ મહોત્સવ-૨૦૧૩ જિલ્લા કક્ષાના શુભારંભ -સંગે સામાજીક અને ન્યાય અધિકારીતા મંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, છેલ્લા આઠ વર્ષથી રાજય સરકાર ધ્વારા કૃષિ મહોત્સવના આયોજનના લીધે ગુજરાતના ખેડૂતો વૈજ્ઞાનિક ખેત



પધ્ધતિ અપનાવી ધાર્યું ઉત્પાદન મેળવી આર્થિક નિર્ભર બન્યા છે. સાથો-સાથ દેશ-વિદેશમાં કૃષિક્ષેત્રે ક્રાંતિકારી કદમ માંડયા છે.

આ અવસરે માજી મંત્રી જણાવ્યું હતું કે, કૃષિ મહોત્સવને લીધે ગુજરાતના ખેડૂતો ખેતીમાં મહત્તમ ઉત્પાદન મેળવતા થયા છે અને આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.જેના કારણે ખેડૂતોનો આર્થિક અને સામાજીક વિકાસ સમુધ્ધ થયો છે.

ગુજરાત વિકાસના તમામ ક્ષેત્રોમાં હરણફાળ ભરી રહ્યું છે. તેમ જણાવી મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતનો ખેડૂત કૃષિમાં કપાસનું ઉત્પાદન કરી વિશ્વના બાજારમાં વેચાણ કરતો થયો છે.

જિલ્લા સાસંદ ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ કૃષિ મહોત્સવને લીધે ખેડૂતોએ વૈજ્ઞાનિક અભિગમથી ખેતી કરતા -ગતિના સોંપાનો સર કર્યા છે. કૃષિ ઉત્પાદનમાં પણ વધારો થયો છે. કૃષિ રથના માધ્યમથી ખેડૂતો વૈજ્ઞાનિક ખેત પધ્ધતિ અપનાવતા થયા છે. જેના લીધે ખેત ઉત્પાદનમાં ધાર્યુ પરિણામ મળ્યું છે. આજે દેશમાં ગુજરાત કૃષિનું મોડલ બન્યું છે.

જિલ્લા પંચાયતના -મુખ હેમલતાબેન પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને રાહભરી હેઠળ છેલ્લા આઠ વર્ષથી ગુજરાત કૃષિ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે. રાજય સરકારના કૃષિલક્ષી અભિગમને લીધે ખેડૂતોની કાયા પલટ થઈ છે. ખેડૂતોને વૈજ્ઞાનિક ખેત પધ્ધતિ વિશે માર્ગદર્શન મળવાને કારણે ખેતીની ઉપજમાં વધારો થયો છે. જેનાથી સમગ્ર દેશમાં



ગુજરાતનો કૃષિ વિકાસ ગ્રોથમાં વધારો થયો છે.

કૃષિ મહોત્સવ દરમિયાન -ગતિશીલ ખેડૂતોનુ મંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યુ હતું. -રંભમાં જિલ્લા વિકાસ અધિકારી



ભાર્ગવીબેન દવેએ સૌ ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કર્યુહતું

આ અવસરે અધિક જિલ્લા કલેક્ટર બારહટ, -ંત અધિકારી પરમાર, જિલ્લા ખેતીવાડી અધિકારી કાકડે, ઈડર તાલુકા પંચાયતના -મુખ પંકજભાઈ દેસાઈ, સહિત જિલ્લા/ તાલુકા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ, -ગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# બહુચરાજીના કરણપુરા પાટીયા પાસે બસ - બાઈક વચ્ચે અકસ્માત : ૨ના મોત

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લાના શક્તિપીઠ બહુચરાજી તાલુકાના કરણપુરા પાટીયા પાસે સાંજના સમયે એસ.ટી. બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા બાઈક પર સવાર બે યુવાનોના કરૂણ મોત નિપજ્યાં હતાં. આ ઘટનાને લીધે ઉશ્કેરાયેલા ટોળાએ બસને આગ લગાડી દીધી હતી.

વિગત એવી છે કે, બહુચરાજી તાલુકાના રૂપપુરા ગામના સરપંચ કનુભા ઝાલાના જયેષ્ઠ પુત્રના લગ્ન હોવાથી તેમના નાના પુત્ર અરવિંદકુમાર ઉર્ફે પીન્ટુ ઝાલા ઉ.વ. ૧૯ અને તેમના મિત્ર મહિપતસિંહ ઝાલા બંને જણા સાંજના સમયે કંકોત્રી આપવા માટે રૂપપુરાથી બહુચરાજી જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં કરણપુરાના પાટીયા નજીક સામેથી આવી રહેલ બહુચરાજી - કૃષ્ણનગર રૂટની એસ.ટી. બસ સાથે બાઈક ધડાકાભેર અથડાતાં બાઈકચાલક અરવિંદકુમારનું સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે મહિપતસિંહને ગંભીર ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે મહેસાણા જનરલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું પણ કરૂણ મોત નિપજ્યું હતું.

અકસ્માત સ્થળે એકઠા થયેલ લોકોનું ટોળું ઉશ્કેરાયું હતું અને ટોળાએ એસ.ટી. બસને આગ ચાંપી હતી. જેથી બસમાં બેઠેલા મુસાફરો તથા ડ્રાઈવર અને કંડકટર તુરંત ગભરાઈ જઈને બસમાંથી નીચે ઉતરી ગયા હતા. બાદ આ ઘટનાની જાણ થતાં બહુચરાજી પોલીસે બનાવ સ્થળે આવી સળગી ઉઠેલી બસને ઓલવવા માટે ફાયર ફાઈટરને બોલાવવાની તજવીજ હાથ ધરી હતી. જોકે મહેસાણાથી ફાયર ફાઈટર આવે તે પહેલાં એસ.ટી. બસ સળગી ગઈ હતી. આ બનાવ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બનાસકાંઠામાંથી પસાર થતી પાઈપમાંથી ઓઈલ ચોરી કરનારા મહેસાણાના બે ઝડપાયા





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧૫

રાષ્ટ્રીય સંપત્તિ ઓઈલ ચોરી બનાસકાંઠાની અમીરગઢ પોલીસની હદમાં નોધાયેલ છે. જેનો ભેદ એસ.પી. અશોક યાદવના આદેશથી એલ.સી.બી. અનો એસ.જી. ઓ.જી.ની ટીમે ઉકેલીને મહેસાણા બે શખ્સોને ઝડપી લીધા છે.

પોલીસ ઈ. જી.આર. રબારી (એસ.સી.બી) અને પો.સ.ઈ. એસ. એમ. ગઢવી વિગતો જણાવેલ છે. જિલ્લા અમીરગઢ પોલીસ સ્ટેશનની હદમાં પોલીસ મથકે ગુ.ના. ૫૦૪૨૦૧૩થી નોંધાયેલ ફરીયાદની કલમ ૩૭૯, ૪૨૭પી.પી.ડી.એકટ. ક. ૩,૭અને પેટ્રોએકટ (૧૫/૧૭૨) ૧૬ મુજબ આઈ.ઓસી ડેપો આબુરોડના ડેપો મેનેજર શેરસિંહ ભવરસીગ ચૌહાણે ફરિયાદ આપેલ છે કે મુદ્રા પાણીપત ફુડ ઓઈલ પાઈપ લાવી અમીરગઢથી પસાર થાય છે. ત્યાં ગંગાસાગ્વ વહેરામાં કોઈએ પંકચર વાડી ઓઈલ ચોરી કરી તે પેટ્રોલીંગ દરમ્યાન સિકયુરીટીના માણસોએ ખાડો ખોદેલો જોઈએ. જેથી ચોરી ઓઈલ થયાનું જણાતું કે ઉપરોકત ટીમે તપાસનો દોર આરંભીને ઉકત ગુનાની જગ્યાએથી એક ટેન્કર ફસાયેલ તે ખેંચવા ક્રેનની જાણકારી મળેલ છે. આમ ટેન્કર માલિકનું ટેન્કર, આરોપી સિકન્દર, દાદાભાઈ સોલંકી, મનોજભાઈ ઉર્ફે સોમા મંગળદાસ પ્રજાપતિની ધરપકડ કરી ઉલટ તપાસ હાથ ધરેલ છે. ઉચ્ચકક્ષાએ તપાસ હાથ ધરેલ છે.

# જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવ પ્રારંભ વિજાપુર તાલુકાના વજાપુર ગામેથી કરાયો

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના વજાપુર ગામે મહેસાણા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી તેમજ શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. મંત્રીશ્રીની સાથે સંસદશ્રી જયશ્રીબેન પટેલ, સંસદશ્રી નટુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જે.એલ. પટેલ, ઠાકોરવિકાસ નિગમના ચેરમેનશ્રી પુંજાજી ઠાકોર, ગ્રામ વિકાસ કમિશનરશ્રી વી. થીરૂપુગાઝ, કલેકટરશ્રી એચ.એન. ઠક્કર, અગ્રણીશ્રી કાન્તીભાઈ પટેલ, રમણભાઈ પટેલ જોડાયા હતા.

આ પ્રસંગે પ્રભારી અને શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીએ સત્તા સંભાળ્યા બાદ ગુજરાતની તમામ સમસ્યાઓનું નિદાન કર્યું છે. શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ, જ્યોતિગ્રામ યોજના, કૃષિ મહોત્સવ થકી વિવિધ પ્રાથમિક તેમજ માળખાકીય સમસ્યાઓનું નિરાકરણ થયું છે. મંત્રીશ્રીએ પાણીનો સમજણપૂર્વક ઉપયોગ કરવા અપીલ કરી હતી. મહેસાણા જિલ્લામાં ૨,૩૨,૦૦૦ હેક્ટર જમીનમાં માત્ર ૭૮૦૦ હેકટર જમીનમાં ડ્રીપ ઈરીગેશન થયું છે. જેથી જિલ્લામાં ડ્રીપ ઈરીગેશન થાય તે માટે ખેડૂતોને ભલામણ કરી હતી. આ માટે ૫૦ ટકા સબસીડી, ૪૫ ટકા લોન અને ૦૫ ટકા તમારે આપવાના છે. રાજ્ય સરકારે પણ ડ્રીપઈરીગેશન માટે રૂપિયા ૧૫૦૦ કરોડ ફાળવ્યા છે. તેમ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે કૃષિ ઉત્પાદન થકી ગુજરાતે વિકાસના ડગ માંડ્યા છે.

ખેડૂતોએ ખેતીની જાણકારી માટે ૧૫૫૧ નંબર ડાયલ કરવા જણાવાયું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લાના વાલી તરીકે તમારો રખેવાળ ગાંધીનગરમાં બેઠો છું. મંત્રીશ્રીએ આત્મા પ્રોજેક્ટ હેઠળ ખેડૂતોને જલંગાંવમાં ડ્રીપ ઈરીગેશન પદ્ધતિની મુલાકાત લેવા અપીલ કરી હતી. આ ઉપરાંત ખેડૂતોને મુલ્યવર્ધીત ખેતી કરવા જણાવાયું હતું.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેડૂતોએ બાયોગેસ પ્લાન્ટ તરફ આગળ આવવા જણાવ્યું હતું. આ માટે ૨૦ હજારની સીન્ટેક્ષની ટાંકી આવે છે જેમાં ૧૨ હજાર સબસીડી મળે છે.

આ પ્રસંગે સંસદશ્રી જયશ્રીબેન પટેલે જણાવ્યું હતું કે નવ કૃષિ મહોત્સવ થકી રાજ્ય સરકારની આવક ૧,૧૧,૦૦૦ કરોડ થઈ છે. સમગ્ર ગુજરાતમાં નવમા કૃષિ મહોત્સવ દરમિયાન ૫૦૦ જેટલા પશુઓના હાડકાના ઓપરેશન થવાના છે. સમગ્ર દેશમાં કૃષિ વિકાસ દર માત્ર ૩ ટકા છે જ્યારે ગુજરાતનો વિકાસ દર ૧૧ ટકા થયો છે. જે કૃષિ મહોત્સવને આભારી છે.

આ પ્રસંગે કલેકટરશ્રી એચ.એન. ઠક્કરે જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લાની ૧૮૭ બેઠકો પર કૃષિ રથ ફરી ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત પશુ આરોગ્ય મેળા થકી પશુઓનું રસીકરણ કરવાનું છે તેમ જણાવ્યું હતું.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| તલોદ | | | ઘઉં | ૨૯૦ | ૪૨૧ |
| મકાઈ | ૨૨૦ | ૨૪૭ | બાજરી | ૨૯૭ | ૩૦૪ |
| રાયડો | ૫૪૦ | ૫૭૨ | એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| એરંડા | ૬૭૫ | ૬૯૦ | રાયડો | ૬૦૦ | ૬૨૮ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૧ | વરીયાળી | ૮૧૫ | ૧૮૦૦ |
| બાજરી | ૨૬૦ | ૩૦૩ | રાજગરો | ૭૭૦ | ૯૩૭ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૬૬૨ | ગવાર | ૧૬૭૦ | ૧૭૧૨ |
| ગવાર | ૧૬૨૪ | ૧૭૧૬ | જવ | ૨૪૪ | ૨૪૫ |
| સલાલ | | | સિદ્ધપુર | | |
| ઘઉં | ૬૫૦ | ૬૬૦ | મેથી | ૫૩૦ | ૫૪૧ |
| ઘઉં | ૨૮૫ | ૩૫૦ | રાજગરો | ૭૦૬ | ૯૨૫ |
| ગવાર | ૧૬૧૦ | ૧૭૦૦ | અસાળીયો | ૬૪૫ | ૧૧૦૦ |
| ડાંગર જયા | ૨૯૫ | ૩૨૫ | વરીયાળી | ૮૬૦ | ૧૧૯૩ |
| ડાંગર ગુંજ | ૩૨૦ | ૩૫૦ | જવ | ૩૬૦ | - |
| પ્રાંતિજ | | | રાયડો | ૫૫૩ | ૬૭૫ |
| એરંડા | ૬૬૦ | ૬૭૦ | એરંડા | ૬૫૦ | ૬૮૩ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ | ગવાર | ૧૬૩૧ | ૧૭૧૬ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ | ઘઉં | ૨૭૦ | ૪૦૦ |
| ડાંગર જયા | ૨૯૫ | ૩૨૬ | બાજરી | ૨૮૦ | ૩૩૬ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૫૦ | જુવાર | ૪૫૦ | - |
| ધનસુરા | | | કપાસ | ૮૫૦ | ૯૩૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૫ | જીરૂ | ૨૧૦૦ | ૨૩૩૨ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ | સવા | ૬૭૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ | વિસનગર | | |
| બાજરી | ૨૬૦ | ૨૮૫ | ઘઉં | ૨૮૫ | ૪૨૫ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૫૦૦ | બાજરી | ૨૫૦ | ૩૧૭ |
| ખેડબ્રહ્મા | | | રાયડો | ૫૫૦ | ૬૪૧ |
| ઘઉં લોકવન | ૨૯૦ | ૩૧૦ | એરંડા | ૬૫૦ | ૬૮૮ |
| ઘઉં ૪૯૬ | ૩૧૦ | ૩૫૫ | કપાસ | ૮૦૦ | ૯૮૯ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૦ | જુવાર | ૩૦૦ | ૩૮૭ |
| તુવેર | ૮૦૦ | ૮૪૦ | જવ | ૨૫૦ | ૨૬૫ |
| એરંડા | ૬૭૫ | ૬૫૦ | મેથી | ૫૦૧ | ૫૫૫ |
| મોડાસા | | | ગવાર | ૧૫૦૦ | ૧૭૨૨ |
| રાયડો | ૫૫૦ | ૬૦૪ | મહેસાણા | | |
| એરંડા | ૬૫૦ | ૬૭૪ | ઈસબગુલ | ૮૦૦ | ૧૧૪૦ |
| બાજરી | ૨૭૫ | ૩૧૫ | ઘઉં | ૨૯૫ | ૪૨૭ |
| મકાઈ | ૨૩૫ | ૨૪૫ | જીરૂ | ૧૭૫૦ | ૨૩૮૩ |
| ઘઉં | ૨૯૫ | ૩૯૫ | રાયડો | ૫૩૧ | ૬૩૬ |
| ગવાર | ૧૫૫૦ | ૧૭૦૩ | મેથી | ૪૮૦ | ૫૩૨ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૫૫૦ | સવા | ૫૫૦ | ૬૭૬ |
| ચણા | ૬૨૫ | ૮૬૯ | બાજરી | ૨૭૦ | ૩૦૦ |
| ટીંટોઈ | | | એરંડા | ૬૪૦ | ૬૭૫ |
| એરંડા | ૬૫૫ | ૬૬૮ | અજમો | ૬૧૦ | ૧૩૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૫ | ગવાર | ૧૪૦૦ | ૧૭૨૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ | બંટી | ૩૭૬ | - |
| ગવાર | ૧૫૫૦ | ૧૬૫૦ | અંબાલીયાસણ | | |
| ચણા | ૬૦૦ | ૬૩૦ | ઘઉં | ૨૯૩ | ૩૭૬ |
| દહેગામ | | | બાજરી | ૨૬૦ | ૩૦૦ |
| બાજરી | ૨૯૯ | ૩૦૬ | રાયડો | ૫૯૦ | ૬૦૬ |
| ઘઉં | ૩૦૩ | ૩૩૩ | એરંડા | ૬૬૮ | ૬૭૦ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૫ | ગવાર | ૧૭૨૦ | ૧૭૫૬ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ | જોટાણ | | |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૨૦ | ઘઉં | ૩૧૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૦૦ | એરંડા | ૬૬૦ | ૬૭૩ |
| તુવેર | ૫૪૦ | ૬૬૦ | રાયડો | ૫૭૦ | ૬૦૦ |
| જુવાર | ૩૧૦ | ૩૮૦ | હારીજ | | |
| રાયડો | ૫૩૦ | ૫૬૫ | મેથી | ૫૦૦ | ૫૧૨ |
| રખિયાલ | | | ઈસબગુલ | ૯૫૦ | ૧૦૫૩ |
| બાજરી | ૨૯૮ | ૩૦૨ | રાયડો | ૫૮૦ | ૬૧૯ |
| ઘઉં | ૩૦૨ | ૩૩૦ | એરંડા | ૬૬૫ | ૬૭૭ |
| ડાંગર | ૨૮૦ | ૨૯૦ | સાસટો | ૨૮૦ | ૩૧૧ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ | બાજરી | ૨૨૫ | ૨૬૦ |
| ગવાર | ૧૬૨૫ | ૧૭૦૦ | ઘઉં | ૨૯૫ | ૪૫૭ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ | ગવાર | ૧૩૯૧ | ૧૭૫૭ |
| તુવેર | ૫૩૦ | ૬૫૦ | અડદ | ૪૫૧ | ૬૨૫ |
| જુવાર | ૩૦૦ | ૬૫૦ | ચણા | ૫૯૧ | ૬૫૬ |
| રાયડો | ૫૨૦ | ૫૬૦ | જીરૂ | ૨૧૦૦ | ૨૫૮૦ |
| હિંમતનગર | | | સવા | ૬૦૦ | ૬૭૫ |
| એરંડા | ૬૬૮ | ૬૮૪ | બંટી | ૩૦૦ | ૩૬૧ |
| ઘઉં | ૩૦૨ | ૪૧૩ | કલોલ | | |
| બાજરી | ૨૬૦ | ૨૮૫ | ઘઉં | ૨૯૮ | ૩૭૩ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૬ | એરંડા | ૬૬૫ | ૬૭૪ |
| ચણા | ૫૮૦ | ૬૪૦ | બાજરી | ૨૮૫ | ૩૧૫ |
| તુવેર | ૭૦૦ | ૮૨૫ | રાયડો | ૬૧૨ | ૬૨૦ |
| ગવાર | ૧૬૬૩ | ૧૭૫૦ | ડાંગર | ૨૯૦ | ૩૮૬ |
| ડાંગર ગુજ | ૨૩૦ | ૨૬૦ | ગવાર | ૧૬૭૬ | ૧૭૩૦ |
| ઈડર | | | જુવાર | ૩૨૫ | ૩૫૨ |
| ઘઉં | ૨૯૦ | ૪૦૦ | જવ | ૨૩૦ | ૨૪૨ |
| મકાઈ | ૨૩૦ | ૨૪૧ | બાયડ | | |
| એરંડા | ૬૬૫ | ૬૮૨ | એરંડા | ૬૪૦ | ૬૬૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૫ | ઘઉં | ૨૮૦ | ૩૮૦ |
| રાયડો | ૫૬૦ | ૫૭૫ | બાજરી | ૨૫૦ | ૨૮૦ |
| મગફળી | ૭૧૦ | ૮૫૦ | મકાઈ | ૨૫૦ | ૨૮૫ |
| કપાસ | ૮૦૦ | ૮૩૦ | ગવાર | ૧૬૦૦ | ૧૭૫૦ |
| તલ | ૧૮૫૦ | ૧૯૫૦ | વરીયાળી | ૧૧૦૦ | ૧૨૮૦ |
| ગવાર | ૧૬૦૦ | ૧૬૬૦ | પાટણ | | |
| તુવેર | ૬૦૦ | ૬૭૦ | જીરૂ | ૨૧૦૦ | ૨૪૭૦ |
| સોયાબીન | ૬૫૦ | ૬૭૦ | વરીયાળી | ૭૮૦ | ૧૩૯૯ |
| અડદ | ૩૭૦ | ૩૮૦ | રાયડો | ૫૫૦ | ૬૨૫ |
| જુવાર | ૩૮૦ | ૪૧૦ | મેથી | ૫૨૦ | ૫૭૦ |
| જવ | ૨૪૫ | ૨૯૦ | સવા | ૬૩૦ | ૬૯૯ |
| મેથી | ૬૨૫ | ૬૫૩ | એરંડા | ૬૫૫ | ૬૮૬ |
| મગ | ૮૫૫ | ૯૪૦ | ઘઉં | ૨૯૪ | ૪૨૦ |
| કડી | | | બાજરી | ૩૦૦ | ૩૧૭ |
| તુવેર | ૪૨૦ | ૭૯૬ | ગવાર | ૧૬૫૦ | ૧૮૦૦ |
| ઘઉં | ૨૯૦ | ૪૧૯ | કપાસ | ૮૦૦ | ૯૬૪ |
| ડાંગર | ૩૫૫ | ૩૮૫ | ઊંઝા | | |
| બાજરી | ૨૬૦ | ૩૧૭ | જીરૂ | ૨૦૪૦ | ૨૮૭૦ |
| જવ | ૨૫૬ | - | વરીયાળી | ૯૨૫ | ૨૩૫૪ |
| ગવાર | ૧૬૩૬ | ૧૭૩૯ | ઈસબગુલ | ૧૨૦૦ | ૧૭૧૯ |
| એરંડા | ૬૬૮ | ૬૭૫ | સરસવ | ૬૫૦ | - |
| રાયડો | ૫૫૦ | ૫૯૪ | રાયડો | ૫૬૧ | ૬૫૨ |
| જીરૂ | ૨૦૯૯ | ૨૫૫૧ | તલ | ૧૭૮૦ | ૧૯૭૫ |
| પાલનપુર | | | સવા | ૫૯૧ | |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧